સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
## CURRENT AFFAIRS

**WEEK 10** (06/03/22 to 12/03/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




PSI/ASI તથા કોન્સ્ટેબલ
# કાયદો
MCQ BOOSTER

ઝડપી તૈયારી માટે કાયદાનો પરીક્ષાલક્ષી પ્રશ્નસંગ્રહ

વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે 1300+ હેતુલક્ષી પ્રશ્નોના જવાબ સહિત [MCQ]

Latest 2022

- IPC,CrPC અને Evidence Actના તમામ ટોપિકના પ્રશ્ન–જવાબ (MCQ)
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નોની તૈયારી માટે
- પરીક્ષા પહેલા રીવિઝન તથા પ્રેક્ટિસ માટે અત્યંત ઉપયોગી પ્રશ્ન–જવાબ (MCQ)
- આ પ્રશ્નસંગ્રહમાં મહત્ત્વની કલમો, જોગવાઈઓ, ઉદાહરણો વગેરેની રજૂઆત તદ્દન સરળ અને સ્પષ્ટ રીતે કરવામાં આવી છે.
- આ MCQ પ્રશ્નસંગ્રહ ICEના નિષ્ણાત લેખકો દ્વારા PSI-ASI અને કોન્સ્ટેબલની અગાઉની પરીક્ષામાં પૂછાઈ ગયેલા પ્રશ્નોના ગહન અભ્યાસ બાદ તૈયાર કરવામાં આવ્યો છે.
- ગુજરાત સરકાર તથા ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ અત્યાર સુધીના તમામ લેટેસ્ટ કાયદાકીય સુધારાઓને આવરી લેતું કાયદાનું પુસ્તક. (MCQ)




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**06 MAR-2022**

- દિવસ મહિમા : 06 ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ : કવચ (Kavach) ..... 02
- ફ્લાઈંગ ટ્રેનર હંસા- એન.જી (Flying Trainer Hansa NG) ..... 03
- QUESTION ANSWERS ..... 04

**07 MAR-2022**

- દિવસ મહિમા : 07 માર્ચ, જન ઔષધિ દિવસ ..... 05
- 'સંભવ' અને 'સ્વાલંબન' પહેલ ..... 05
- પાકિસ્તાન FATFના 'ગ્રે લિસ્ટ'માં યથાવત ..... 06
- સુશ્રી મિતાલી રાજ છ વર્લ્ડ કપ રમનાર પ્રથમ મહિલા ખેલાડી બન્યા ..... 06
- QUESTION ANSWERS ..... 07

**08 MAR-2022**

- દિવસ મહિમા : 08 માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિન ..... 08
- ભારત અને શ્રીલંકા વચ્ચે SLINEX 2022 અભ્યાસ યોજાયો ..... 08
- સમર્થ (SAMARTH) પહેલ ..... 09
- શ્રી રવિચંદ્રન અશ્વિને ટેસ્ટ ક્રિકેટ વિકેટમાં શ્રી કપિલ દેવનો રેકોર્ડ તોડ્યો ..... 10
- QUESTION ANSWERS ..... 11

**09 MAR-2022**

- નારી શક્તિ પુરસ્કાર 2020-21 ..... 13
- સુપર કોમ્પ્યુટર પરમ ગંગા (Param Ganga) ..... 16
- ઈ-બિલ સિસ્ટમ ..... 16
- વિવો પ્રો કબડ્ડી સીઝન-8માં દબંગ દિલ્હી વિજેતા ..... 18
- QUESTION ANSWERS ..... 19

**10 MAR-2022**

- દિવસ મહિમા : 10 માર્ચ, વિશ્વ કિડની દિવસ ..... 20
- UPI123Pay અને Digisathi ..... 20
- મિશન ઈન્દ્રધનુષમાં ઓડિશાએ પ્રથમ સ્થાન મેળવ્યુ ..... 21
- પાલ-દઢવાવ ઘટનાના 100 વર્ષ પૂર્ણ ..... 22
- QUESTION ANSWERS ..... 23

**11 MAR-2022**

- ઈરાને નૂર-2 (Noor 2) લશ્કરી ઉપગ્રહ લોન્ચ કર્યો ..... 24
- હરિયાણા સરકારે 'સુષ્મા સ્વરાજ એવોર્ડ'ની જાહેરાત કરી ..... 24
- રાષ્ટ્રીય જમીન મુદ્રીકરણ નિગમ (National Land Monetization Corporation) ..... 25
- QUESTION ANSWERS ..... 27

**12 MAR-2022**

- દિવસ મહિમા : 12 માર્ચ, સાયબર સેન્સરશિપ વિરુદ્ધ વિશ્વ દિવસ ..... 28
- ISSF વર્લ્ડ કપ 2022ની મેડલ ટેલીમાં ભારત ટોચ પર ..... 28
- તાપી-પાર-નર્મદા લિંક પ્રોજેક્ટુ ..... 29
- શ્રી યુન-સુક-યોલ દક્ષિણ કોરિયાના નવા રાષ્ટ્રપતિ બન્યા ..... 30
- QUESTION ANSWERS ..... 31

**ONE LINER** ..... 32

**QUESTION OF THIS WEEK** ..... 37


## ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ : કવચ (Kavach)

તાજેતરમાં ભારતીય રેલવેએ '<u>કવચ</u>' <u>ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમનું</u> પરીક્ષણ કર્યુ હતું.

- 'કવચ'એ ભારતીય રેલવે દ્વારા વિકસિત એક સ્વચાલિત ટ્રેન અથડામણ વિરોધી સિસ્ટમ છે.

### કવચ (Kavach)

કવચ એ <u>સ્વદેશી રીતે</u> વિકસિત સિસ્ટમ છે જે <u>ટ્રેનો વચ્ચે અથડામણને</u> અટકાવે છે.




- તેને '<u>**Train Collision Avoidance System**</u>' (TCAS) (ટ્રેન અથડામણ ટાળવાની સિસ્ટમ) અથવા <u>**Armour**</u> તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે <u>**2012**</u> થી વિકસાવવામાં આવી રહ્યું છે અને તેનું પ્રથમ પરીક્ષણ **2016**માં હાથ ધરવામાં આવ્યું હતું.
- હાલમાં તે <u>દક્ષિણ મધ્ય રેલવે ઝોનના</u> લિંગપલ્લી અને વિકરાબાદ વિભાગમાં કાર્યરત છે.
- તે ટૂંક સમયમાં સમગ્ર ભારતમાં ધીમે ધીમે શરૂ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કવચ કેવી રીતે કામ કરે છે ?

તે <u>ઈલેક્ટ્રોનિક ઘટકો</u> અને <u>રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન (RFID)</u> ઉપકરણોનો સમૂહ છે જે લોકોમોટિવ્સ અને <u>સિગ્નલિંગ સિસ્ટમ</u> તેમજ <u>ટ્રેક્સમાં</u> સ્થાપિત થયેલ છે.

- તે ટ્રેનની બ્રેકને નિયંત્રિત કરવા અને ડ્રાઈવરોને ચેતવણી આપવા માટે અલ્ટ્રા હાઈ રેડિયો ફ્રીક્વન્સીનો ઉપયોગ કરીને એકબીજા સાથે સંપર્ક કરે છે. આ બધુ એક પ્રોગ્રામ પર આધારિત હોય છે.
- TCAS અથવા કવચમાં <u>યુરોપિયન ટ્રેન પ્રોટેક્શન એન્ડ વોર્નિંગ સિસ્ટમ</u>, <u>ઈન્ડિજિનસ એન્ટી કોલિઝન ડિવાઈસ</u> જેવા મુખ્ય પરીક્ષણ ઘટકોનો સમાવેશ થાય છે.
- તેમાં ભવિષ્યમાં હાઈ–ટેક યુરોપિયન ટ્રેન કન્ટ્રોલ સિસ્ટમ લેવલ–2 જેવી સુવિધાઓ પણ હશે.
- કવચનું વર્તમાન સ્વરૂપ <u>'સેફ્ટી ઈન્ટિગ્રિટી લેવલ (Safety Intergrity Leval-SIL) 4'</u> નામના ઉચ્ચતમ સ્તરના સલામતી અને વિશ્વસનીયતા ધોરણોનું પાલન કરે છે.
- જો લોકો–પાયલોટ લાલ સિગ્નલ તોડે છે તથા ખાસ કરીને જ્યારે ટ્રેનો એકબીજાની સામે સમાન લાઈન પર હોય ત્યારે આ કવચ સિસ્ટમ અકસ્માતને રોકવા આપોઆપ બ્રેક્સ લાગુ કરશે.

## ફ્લાઈંગ ટ્રેનર હંસા-એન.જી (Flying Trainer Hansa NG)

તાજેતરમાં ભારતના પ્રથમ સ્વદેશી 'ફ્લાઈંગ ટ્રેનર' હંસા એન.જી (Hansa NG)એ 19 ફેબ્રુઆરી થી 5 માર્ચ, 2022 સુધી પુડુચેરીમાં દરિયાઈ સ્તરની ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

- તે CSIR-નેશનલ એરોસ્પેસ લેબોરેટરી (CSIR-NAL) દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
- હંસા એનજી સૌથી અદ્યતન ફ્લાઈટ પ્રશિક્ષકો પૈકી એક છે.
- તે બે સીટર એરક્રાફ્ટ છે અને હંસનું સુધારેલુ સંસ્કરણ છે, જે 30 વર્ષ પહેલા વિકસાવવામાં આવ્યું હતું.
- તે રોટેક્સ ડિજિટલ કન્ટ્રોલ એન્જિન દ્વારા સંચાલિત છે જે ભારતમાં ફ્લાઈંગ ક્લબ દ્વારા ટ્રેનર એરક્રાફ્ટની જરૂરિયાતને પહોંચી વળવા માટે રચાયેલ છે.
- તે ઓછી કિંમત અને ઓછા ઈંધણના વપરાશને કારણે તે કોમર્શિયલ પાઈલટ લાઈસન્સિંગ (CPL) માટે એક આદર્શ એરક્રાફ્ટ છે.

નોંધ : (1) NALની સ્થાપના વર્ષ 1959માં નવી દિલ્હીમાં કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR) દ્વારા કરવામાં આવી હતી.

(2) NALની મુખ્ય જવાબદારી ભારતમાં નાગરિક એરક્રાફ્ટ વિકસાવવાની છે.

(3) CSIR એ ભારતની સૌથી મોટી સંશોધન અને વિકાસ સંસ્થા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કવચ' (Kavach) શું છે ?

(A) ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ
(B) બે સીટર ભારતીય એરફોર્સનું એરક્રાફ્ટ
(C) યુક્રેનના બે ક્ષેત્રીય પ્રદેશોનું સંગઠન
(D) વૃધ્ધો માટે શરૂ કરવામાં આવેલી એક યોજના (A)

2. તાજેતરમાં ભારતીય રેલવે એ 'કવચ' (Kavach) ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમનું પરિક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. કવચ એ સ્વદેશી રીતે વિકસિત સિસ્ટમ છે જે ટ્રેનો વચ્ચે અથડામણને અટકાવે છે.
2. તેને 'Train Collision Avoidance System' (TCAS) અથવા Armour તરીકે પણ ઓળખવામાં આવે છે.
3. તે ઈલેક્ટ્રોનિક ઘટકો અને રેડિયો ફ્રીકવન્સી આઈડેન્ટિફિકેશન (RFID) ઉપકરણોનો સમૂહ છે. જે લોકોમોટિવ્સ અને સિગ્નલિંગ સિસ્ટમ તેમજ ટ્રેકસમાં સ્થાપિત થયેલ છે.
4. આ સિસ્ટમ વર્તમાન જોધપુર–વડોદરા રેલવે ટ્રેક પર સ્થાપિત કરવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 (C)

3. તાજેતરમાં ભારતના પ્રથમ સ્વદેશી 'ફ્લાઈંગ ટ્રેનર' હંસા એન.જી (Hansa NG)એ પુડુચેરીમાં દરિયાઈ સ્તરની ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ હંસા એન.જી એરક્રાફ્ટ કોના દ્વારા વિકસાવવામાં આવ્યું છે ?

(A) BHEL
(B) CSIR- NAL
(C) ISRO- DRDO
(D) ISRO- HEL (B)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 07 માર્ચ, જન ઔષધિ દિવસ

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 7 માર્ચના રોજ સમગ્ર દેશમાં 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- ભારતમાં સસ્તી અને સારી ગુણવત્તાવાળી જેનરિક દવાઓના ઉપયોગ અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ વખત 7 માર્ચ, 2019ના રોજ પ્રથમ 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- ફાર્માસ્યુટિકલ વિભાગના નેજા હેઠળ 'ફાર્માસ્યુટિકલ એન્ડ મેડિકલ ડિવાઈસીસ બ્યુરો ઓફ ઈન્ડિયા' (PMBI) દ્વારા ચોથા જન ઔષધિ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગ રૂપે 75 સ્થળોએ અનેક કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2022ની જન ઔષધિ દિવસની થીમ 'જન ઔષધિ–લોકો માટે ઉપયોગી' (Jan Aushadhi-Jan Upyogi) છે.

## 'સંભવ' અને 'સ્વાવલંબન' પહેલ

ભારતમાં પ્લાસ્ટિક કચરાનો સામનો કરવા માટે 'સંભવ' અને 'સ્વાવલંબન' પહેલ શરૂ કરવામાં આવી છે.

- પ્લાસ્ટિક રિસાયકલિંગ અને વેસ્ટ મેનેજમેન્ટ પર ઈન્ટરનેશનલ સમિટમાં સૂક્ષ્મ, લઘૂ અને મધ્યમ ઉદ્યોગના રાજ્યમંત્રી શ્રી ભાનુપ્રતાપ સિંહ વર્મા દ્વારા 'સંભવ' અને 'સ્વાવલંબન' પહેલ શરૂ કરવામાં આવી હતી.
- આ પહેલનો હેતુ ખાસ કરીને ભારતના મહત્વાકાંક્ષી જિલ્લાઓમાંથી યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવાનો છે.

### પ્લાસ્ટિક રિસાયક્લિંગ અને વેસ્ટ મેનેજમેન્ટ પર આંતરરાષ્ટ્રીય સમિટ

તે બે દિવસીય સમિટ છે, જેનું ઉદ્ઘાટન MSME રાજ્યમંત્રી શ્રી ભાનુપ્રતાપ સિંહ વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

- નવી દિલ્હીમાં ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (AIDMA)ના સહયોગથી MSME મંત્રાલય દ્વારા સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સમિટનું સૂત્ર 'Know your wast and how Recycling is the right thing to do, Which is to be done in a right way' છે.
- આ સમિટમાં લગભગ 1350 MSMEએ ભાગ લીધો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ સમિટ ઉદ્યોગસાહસિકો, નિષ્ણાતો, વેપારીઓ અને અન્ય હિતધારકોને MSME ક્ષેત્ર અને પ્લાસ્ટિક ક્ષેત્રમાં પડકારો અને ઉકેલો અંગે વિચાર–વિમર્શ કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- તે પ્લાસ્ટિક ક્ષેત્રમાં નવી આજીવિકા અને વ્યવસાયની તકો પણ ઉભી કરશે, તેમજ ભારતને પ્લાસ્ટિક પ્રદૂષણના મુદ્દાને હલ કરવા અને પર્યાવરણીય લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ કરશે.

## પાકિસ્તાન FATFના 'ગ્રે લિસ્ટ'માં યથાવત



તાજેતરમાં FATFએ પાકિસ્તાનને 'ગ્રે લિસ્ટ' અથવા 'વધારેલ મોનિટરિંગ લિસ્ટ'માં રાખ્યું છે.

- નોંધનીય છે કે FATFમાં થોડા સમય પહેલાં 'સંયુક્ત આરબ અમીરાત' (UAE)નો સમાવેશ કર્યો હતો.
- તાજેતરમાં મળેલી FATFની આ બેઠકમાં સમીક્ષા બાદ ઝિમ્બાબ્વેને આ યાદીમાંથી બહાર રાખવામાં આવ્યું છે. કારણ કે તેમણે તમામ માપદંડોનું પાલન કર્યું છે.
- પાકિસ્તાનમાં આતંકવાદીઓને મળતી નાણાકીય મદદ અટકાવી ન શકવાને કારણે તેને FATFના 'ગ્રે લિસ્ટ'માં યથાવત રાખવામાં આવ્યું છે.

### FATF શું છે ?

FATFનું પૂરું નામ 'Financial Action Task Force' (On Money Laundering) છે.

- 'મની લોન્ડરિંગ' અથવા કાળા નાણાંને કાયદેસર થતા રોકવા માટે નીતિઓ બનાવવા વર્ષ 1989માં તેની સ્થાપના G-7 દેશોની બેઠકમાં કરવામાં આવી હતી.
- FATF એક ઈન્ટરગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન છે.
- વર્ષ 2001થી તેના કાર્યક્ષેત્રમાં વધારો કરવામાં આવ્યો છે અને હવે તે 'ટેરર ફાઈનાન્સિંગ' એટલે કે આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે થતી નાણાકીય મદદને અટકાવવા માટે પણ નીતિઓ બનાવે છે.
- તેનું વડું મથક અથવા સચિવાલય ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.
- FATFના સભ્ય દેશોમાં ભારત, અમેરિકા, ચીન સહિત કુલ 39 દેશોનો સમાવેશ થાય છે.
- FATF પ્લેનરી એ FATFની નિર્ણય લેતી સંસ્થા છે. તેના સત્રો વર્ષમાં ત્રણ વખત યોજાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# સુશ્રી મિતાલી રાજ છ વર્લ્ડ કપ રમનાર પ્રથમ મહિલા ખેલાડી બન્યા




સુશ્રી મિતાલી રાજ છ વખત ICC મહિલા વર્લ્ડ કપ રમનાર પ્રથમ ખેલાડી બન્યા છે.

- સુશ્રી મિતાલી રાજે સુશ્રી ડેબી હાકલે અને સુશ્રી કારલોટ અડવર્ડ્ઝનો રેકોર્ડ તોડ્યો છે.
- આ બંને ખેલાડીઓએ પાંચ વર્લ્ડ કપ રમ્યા છે.
- જ્યારે તાજેતરમાં રમાય રહેલો આ વર્લ્ડ કપ સુશ્રી ઝુલન ગૌસ્વામી અને સુશ્રી કેથરિન બ્રન્ટ માટે આ પાંચમો વર્લ્ડ કપ છે.
- સુશ્રી મિતાલી રાજ 2022ના આ વર્લ્ડ કપ અગાઉ 2000, 2005, 2009, 2013 અને 2017ના મહિલા વર્લ્ડ કપમાં ભાગ લઈ ચૂક્યા છે.
- આ સાથે સુશ્રી મિતાલી રાજે શ્રી સચિન તેંડુલકર અને શ્રી જાવેદ મિયાંદાદની બરાબરી કરી છે. આ બંને ખેલાડીઓ પણ છ વર્લ્ડ કપ રમી ચૂક્યા છે.

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઈતિહાસ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઈતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઈતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક




ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.

1. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 'જન ઔષધિ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 5 માર્ચ (B) 6 માર્ચ (C) 7 માર્ચ (D) 8 માર્ચ

(C)

2. 7 માર્ચ, 2022ના રોજ ભારતમાં કેટલામાં 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?

(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા

(D)

3. ભારતમાં પ્લાસ્ટિક કચરાનો સામનો કરવા માટે તાજેતરમાં ________ પહેલ શરૂ કરવામાં આવી છે.

(A) સંભવ અને સ્વાવલંબન (B) વૈભવ અને પ્લાસ્ટિક મુક્ત ઈન્ડિયા

(C) મૈત્રી અને પ્લાસ્ટિક ઝુંબેશ (D) લક્ષ્ય પ્લાસ્ટિક : ઝીરો

(A)

4. તાજેતરમાં FATF દ્વારા પાકિસ્તાનને કયા લિસ્ટમાં યથાવત રાખવામાં આવ્યું છે ?

(A) વ્હાઈટ લિસ્ટ (B) ગ્રે લિસ્ટ (C) રેડ લિસ્ટ (D) ગ્રીન લિસ્ટ

(B)

5. FATFનું પૂરૂં નામ શું છે ?

(A) Financial Action Task Force (B) Financial Action Task Forum

(C) Financial Activity Task Forum (D) Financial Activity Task Force

(A)

6. તાજેતરમાં કઈ મહિલા ક્રિકેટર છ વર્લ્ડ કપ રમનાર પ્રથમ મહિલા ખેલાડી બન્યા છે ?

(A) સુશ્રી સ્મૃતિ મંધાના (B) સુશ્રી ઝુલન ગૌસ્વામી

(C) સુશ્રી કેથરિન બ્રન્ટ (D) સુશ્રી મિતાલી રાજ

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 08 માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિન (International Women's Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- મહિલા અધિકારોના આંદોલનની યાદ અપાવવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય ઉદ્દેશ વિશ્વની અડધી જન સંખ્યા એટલે કે નારીના ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે.
- 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવા માટે સૌપ્રથમ સૂચન 1910માં ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટ વુમન કોન્ફરન્સ દ્વારા કરવામાં આવ્યું હતું.
- રશિયામાં 1917માં મહિલાઓને મતાધિકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ રશિયામાં 8 માર્ચ રાષ્ટ્રીય રજા બની હતી.
- સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ) દ્વારા 1975માં 8 માર્ચનો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- એ અગાઉ વિવિધ સમાજવાદી આંદોલનો અને સમાજવાદી દેશો દ્વારા 8 માર્ચના રોજ મહિલા દિવસની ઉજવણી થતી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વર્ષ 2022ની આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2022ની આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ 'Gender Equality today for sustainable tomorrow' છે.

- એટલે કે મજબૂત ભવિષ્ય માટે લિંગ સમાનતા જરૂરી છે.

નોંધ : 1માર્ચથી મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

## ભારત અને શ્રીલંકા વચ્ચે SLINEX 2022 અભ્યાસ યોજાયો

7 થી 10 માર્ચ સુધી વિશાખાપટ્ટનમમાં ભારતીય અને શ્રીલંકાની નૌકાદળની દ્વિપક્ષીય દરિયાઈ કવાયત SLINEX (Sri Lanka- India Naval Excercise)નું આયોજન કરવામાં આવ્યું હતું.

- ભારત અને શ્રીલંકા વચ્ચેનો આ અભ્યાસ અથવા કવાયત SLINEX-2022 એ 9મી આવૃત્તિ હતી.
- આ કવાયત બે તબક્કામાં યોજવામાં આવી હતી.
- જેમાં 7 અને 8 માર્ચ વિશાખાપટ્ટનમ ખાતે હાર્બર (બંદર) તબક્કામાં અને 9-10 માર્ચે બંગાળની ખાડીમાં સી ફેઝ (સમુદ્રી તબક્કો) સાથે હાથ ધરવામાં આવી હતી.

- **SLINEX અભ્યાસની આ અગાઉની આવૃત્તિ શ્રીલંકાના ત્રિકોમાલી ખાતે યોજાઈ હતી.**
- **આ અભ્યાસમાં ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ INS કિર્ચ દ્વારા કરવામાં આવ્યું હતું, જે ગાઈડેડ મિસાઈલ કોર્વેટ છે.**
- **જ્યારે શ્રીલંકા તરફથી SLNS સાયરલાએ શ્રીલંકાના નૌકાદળનું પ્રતિનિધિત્વ કર્યુ હતું, જે એક અદ્યતન ઓફશર પેટ્રોલિંગ જહાજ છે.**
- **આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય બંને નૌકાદળો વચ્ચે બહુપક્ષીય દરિયાઈ કામગીરી માટે પરસ્પર સમજણ, આંતરકાર્યક્ષમતા અને શ્રેષ્ઠ પ્રથાઓ અને પ્રથાઓનું આદાન–પ્રદાન વધારવાનો છે.**

## સમર્થ (SAMARTH) પહેલ

**વર્ષ 2022ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે કેન્દ્રીય MSME મંત્રી શ્રી નારાયણ રાણાએ મહિલાઓ માટે એક વિશેષ ઉદ્યોગ સાહસિકતા પ્રોત્સાહન અભિયાન 'સમર્થ' (SAMARTH) શરૂ કર્યુ છે.**

### સમર્થ પહેલ વિશે

- **સમર્થ પહેલ હેઠળ મહત્વાકાંક્ષી અને હાલની મહિલા સાહસિકોને નીચેના લાભો ઉપલબ્ધ થશે :**
  - **(a) MSME મંત્રાલયની કૌશલ્ય વિકાસ યોજનાઓ હેઠળ આયોજિત નિશુલ્ક કૌશલ્ય વિકાસ કાર્યક્રમોમાં મહિલાઓ માટે 20 ટકા બેઠકો ફાળવવામાં આવશે.**
  - **(b) મંત્રાલય દ્વારા અમલી માર્કેટિંગ સહાય માટેની યોજનાઓ હેઠળ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં મોકલવામાં આવેલા MSME વ્યવસાયિક પ્રતિનિધિમંડળના 20 ટકા મહિલાઓની માલિકીના MSMEને સમર્પિત કરવામાં આવશે.**
  - **(c) નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (NSIC)ની વ્યાપારી યોજનાઓ માટે વાર્ષિક પ્રોસેસિંગ ફી પર 20% ડિસ્કાઉન્ટ**
  - **(d) ઉદ્યમ નોંધણી (Udhyam Registration) હેઠળ મહિલાઓની માલિકીના MSMEની નોંધણી માટે વિશેષ અભિયાન**
- **આ પહેલ દ્વારા MSME મંત્રાલય મહિલાઓને કૌશલ્ય વિકાસ અને બજાર વિકાસ સમર્થન આપવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે.**
- **નાણાકીય વર્ષ 2022-23માં ગ્રામીણ અને ઉપશહેરી વિસ્તારોની 7,500થી વધુ મહિલા ઉમેદવારોને તાલીમ આપવામાં આવશે.**
- **આ ઉપરાંત હજારો મહિલાઓને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં તેમના ઉત્પાદનોનું પ્રદર્શન અને માર્કેટિંગ કરવાની તકો મળશે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તથા જાહેર પ્રાપ્તિમાં મહિલા સાહસિકોની ભાગીદારી વધારવા માટે વર્ષ 2022-23 દરમિયાન NISCની નીચેની યોજનાઓ પર વાર્ષિક પ્રોસેસિંગ ફી પર 20% વિશેષ ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવશે :

  (1) સિંગલ પોઈન્ટ રજીસ્ટ્રેશન યોજના

  (2) કાચા માલની સહાય અને બિલ ડિસ્કાઉન્ટ

  (3) ટેન્ડર માર્કેટિંગ

  (4) B2B પોર્ટલ MSMEmart.com

નોંધ : NSIC એ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય હેઠળની ભારત સરકારની એન્ટરપ્રાઈઝ છે.

## શ્રી રવિચંદ્રન અશ્વિને ટેસ્ટ ક્રિકેટ વિકેટમાં શ્રી કપિલ દેવનો રેકોર્ડ તોડ્યો




ભારતીય સ્પીનર બોલર શ્રી રવિચંદ્રન અશ્વિને શ્રીલંકા સામે મોહાલીમાં રમાયેલી ટેસ્ટ મેચમાં ભારતના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર અને કેપ્ટન શ્રી કપિલ દેવનો 434 વિકેટનો રેકોર્ડ (ટેસ્ટમાં) તોડ્યો છે.

- ભારતીય ક્રિકેટરોમાં ટેસ્ટમાં 619 વિકેટ સાથે શ્રી અનિલ કુંબલે પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ બીજા નંબર પર શ્રી રવિચંદ્રન અશ્વિન આવે છે. જ્યારે ત્રીજા નંબરે શ્રી કપિલ દેવ આવે છે.
- નોંધનીય છે કે વિશ્વસ્તરે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ શ્રીલંકાના બોલર શ્રી એમ. મુરલીધરનના (600 વિકેટ)નામે છે.
- જ્યારે વિશ્વસ્તરે આ યાદીમાં શ્રી અનિલ કુંબલે ચોથા નંબર ઉપર અને શ્રી રવિચંદ્રન અશ્વિન આઠમાં ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


સામાન્ય વિજ્ઞાન

◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆
[ MCQ BOOSTER ]

પરીક્ષાલક્ષી મહત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.



**1.** ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 માર્ચ (B) 7 માર્ચ (C) 8 માર્ચ (D) 9 માર્ચ **(C)**

---

**2.** વર્ષ 2022ની ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ની થીમ શું છે ?

(A) I am Generation Equality : Realizing Women's Freedoms

(B) I am Generation Equality : Realizing Women's Right

(C) Gender Equality today for sustainable tomorrow

(D) એકપણ નહીં **(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

---

**3.** વર્ષ 2022ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે કેન્દ્રીય MSME મંત્રી શ્રી નારાયણ રાણેએ મહિલાઓ માટે એક વિશેષ ઉદ્યોગ સાહસિકતા પ્રોત્સાહિત પહેલ.........................શરૂ કરી છે.

(A) SAMARTH (B) MAITRI (C) VAIBHAV (D) SAMBHAV **(A)**

---

**4.** તાજેતરમાં કયા ભારતીય બોલરે ટેસ્ટ ક્રિકેટમાં શ્રી કપિલ દેવનો 434 વિકેટનો રેકોર્ડ તોડ્યો છે ?

(A) શ્રી રવિન્દ્ર જાડેજા (B) શ્રી જસ્પ્રીત બુમરાહ

(C) શ્રી ભૂવનેશ્વર કુમાર (D) શ્રી રવિચંદ્રન અશ્વિન **(D)**

## નારી શક્તિ પુરસ્કાર 2020-2021

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે 8 માર્ચ, 2022ના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં નારી શક્તિ પુરસ્કાર 2020 અને 2021 એનાયત કર્યા હતા.

- આ વખતે કુલ 29 મહિલાઓને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- નોંધનીય છે કે વર્ષ 2020 માટે 14 પુરસ્કાર અને 2021માં 14 પુરસ્કાર એમ કુલ પ્રત્યેક 28 પુરસ્કાર એનાયત થયા છે.
- પરંતુ 2020માં બે મહિલાને સંયુક્ત રીતે એટલે કે સુશ્રી જયા મુથુ અને સુશ્રી તેજમ્માને સંયુક્ત રીતે એવોર્ડ આપવામાં આવ્યો છે.
- આથી, રાષ્ટ્રપતિશ્રીએ કુલ 29 મહિલાઓને આ એવોર્ડથી સન્માનિત કર્યા હતા.
- જેમાં બે ગુજરાતી મહિલાનો પણ સમાવેશ થાય છે. વર્ષ 2020માં સુશ્રી ઉષાબેન દિનેશભાઈ વસાવા અને વર્ષ 2021માં સુશ્રી નિરંજનાબેન મુકુલભાઈ કલાર્થીને નારી શક્તિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

### નારી શક્તિ પુરસ્કાર 2020

| ક્રમ | નામ | રાજ્ય | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | અનિતા ગુપ્તા | બિહાર | સામાજિક ઉદ્યોગસાહસિક |
| 2 | ઉષાબેન દિનેશભાઈ વસાવા | ગુજરાત | ઓર્ગેનિક ખેડૂત અને આદિજાતિ કાર્યકર્તા |
| 3 | નાસીરા અખ્તર | જમ્મુ કાશ્મીર | ઈનોવેટર–પર્યાવરણીય સંરક્ષણ |
| 4 | સંધ્યા ધર | જમ્મુ કાશ્મીર | સામાજિક કાર્યકર |
| 5 | નિવૃત્તિ રાય | કર્ણાટક | કન્ટ્રી હેડ, ઈન્ટેલ ઈન્ડિયા |
| 6 | ટિફની બ્રાર | કેરળ | સામાજિક કાર્યકર–અંધ લોકો માટે કામ કરે છે. |
| 7 | પદ્મ યાંગચન | લદાખ | લેહ પ્રદેશમાં વિસરાયેલી રાંધણકળા અને વસ્ત્રકળાને પુનર્જીવિત કર્યા |
| 8 | જોધૈયા બાઈ બૈગા | મધ્યપ્રદેશ | આદિવાસી બૈગા આર્ટ પેઈન્ટર |
| 9 | સાયલી નંદકિશોર આગવાને | મહારાષ્ટ્ર | ડાઉન સિન્ડ્રોમથી અસરગ્રસ્ત કથક ડાન્સર |
| 10 | વનિતા જગદેવ બોરાડે | મહારાષ્ટ્ર | પ્રથમ મહિલા સર્પ બચાવકર્તા |
| 11 | મીરા ઠાકુર | પંજાબ | સિક્કી ગ્રાસ આર્ટિસ્ટ |
| 12 | જયા મુથુ, તેજમ્મા (સંયુક્ત રીતે) | તમિલનાડુ | કારીગરો–ટોડા ભરતકામ |
| 13 | ઈલા લોધ (મરણોત્તર) | ત્રિપુરા | ઓબ્સ્ટેટ્રિશિયન અને ગાયનેકોલોજિસ્ટ |
| 14 | આરતી રાણા | ઉત્તરપ્રદેશ | હેન્ડલૂમ વણકર અને શિક્ષક |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નારી શક્તિ પુરસ્કાર 2021

| ક્રમ | નામ | રાજ્ય | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | સથુપતિ પ્રસન્ના શ્રી | આંધ્રપ્રદેશ | ભાષાશાસ્ત્રી–લઘુમતી આદિવાસી ભાષાઓનું જતન |
| 2 | તગે રીટા તાકે | અરુણાચલ પ્રદેશ | ઉદ્યોગસાહસિક |
| 3 | મધુલિકા રામટેકે | છત્તીસગઢ | સામાજિક કાર્યકર |
| 4 | નિરંજનાબેન મુકુલભાઈ કલાર્થી | ગુજરાત | લેખક અને શિક્ષણશાસ્ત્રી |
| 5 | પૂજા શર્મા | હરિયાણા | ખેડૂત અને ઉદ્યોગસાહસિક |
| 6 | અંશુલ મલ્હોત્રા | હિમાચલ પ્રદેશ | વણકર |
| 7 | શોભા ગસ્તી | કર્ણાટક | સામાજિક કાર્યકર્તા–દેવદાસી પ્રથાને સમાપ્ત કરવા માટે કામ કરે છે |
| 8 | રાધિકા મેનન | કેરળ | કેપ્ટન મર્ચન્ટ નેવી-IMO તરફથી દરિયામાં અસાધારણ બહાદુરી માટે એવોર્ડ મેળવનાર પ્રથમ મહિલા |
| 9 | કમલ કુંભાર | મહારાષ્ટ્ર | સામાજિક ઉદ્યોગસાહસિક |
| 10 | શ્રુતિ મહાપાત્ર | ઓડિશા | વિકલાંગ અધિકાર કાર્યકર્તા |
| 11 | બતુલ બેગમ | રાજસ્થાન | માન અને ભજન લોક ગાયક |
| 12 | થરા રંગાસ્વામી | તમિલનાડુ | મનોચિકિત્સક અને સંશોધક |
| 13 | નીરજા માધવ | ઉત્તરપ્રદેશ | હિન્દી લેખક–ટ્રાન્સજેન્ડરો અને તિબેટીયન શરણાર્થીઓના અધિકારો માટે કામ કરે છે |
| 14 | નીના ગુપ્તા | પશ્ચિમ બંગાળ | ગણિતશાસ્ત્રી |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નારી શક્તિ એવોર્ડ

‘નારી શક્તિ એવોર્ડ’ એ ભારતનો સર્વોચ્ચ મહિલા પુરસ્કાર છે.

- ભારતમાં ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 8 માર્ચ ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ના રોજ આ પુરસ્કાર એનાયત થાય છે.
- ભારતમાં મહિલા સશક્તિકરણ અને સામાજિક કલ્યાણમાં મહત્વનું યોગદાન આપનાર મહિલાઓને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે.

## એવોર્ડનો પ્રારંભ

વર્ષ <u>1999</u>થી 'નારી શક્તિ પુરસ્કાર' આપવામાં આવે છે.

નોંધ : ભારતમાં વર્ષ 1991થી 'સ્ત્રી શક્તિ પુરસ્કાર'નો પ્રારંભ થયો હતો. પરંતુ વર્ષ 1999માં સ્ત્રી શક્તિ પુરસ્કારનું નામ બદલીને 'નારી શક્તિ પુરસ્કાર' કરવામાં આવ્યું હતું.

## કઈ કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થાય છે ?

નારી શક્તિ પુરસ્કાર મુખ્ય બે ભાગમાં એનાયત થાય છે :

**(1) Institutional (2) Individual Women**

- જેમાંથી <u>**Individual Women**</u> અંતર્ગત <u>2 કેટેગરી</u>માં આ પુરસ્કાર એનાયત થાય છે.
- જ્યારે <u>**Institutional**</u> અંતર્ગત નીચેની <u>6 કેટેગરી</u>માં આ પુરસ્કાર એનાયત થાય છે :

(1) દેવી અહિલ્યાબાઈ હોલ્કર એવોર્ડ

(2) કન્નગી દેવી એવોર્ડ

(3) માતા જીજાબાઈ એવોર્ડ

(4) રાણી ગૈડિનલ્યુ ઝૈલિયાંગ એવોર્ડ

(5) રાણી લક્ષ્મીબાઈ એવોર્ડ

(6) રાણી રૂદ્રદામા દેવી એવોર્ડ

નોંધ : (1) આ એવોર્ડમાં પ્રમાણપત્રની સાથે રોકડા પુરસ્કાર પણ આપવામાં આવે છે જેમાં સંસ્થાકીય કેટેગરી માટે 2 લાખ રોકડ પુરસ્કાર અને વ્યક્તિગત માટે 1 લાખ રોકડ પુરસ્કાર હોય છે.

(2) વર્ષ 2020નો નારી શક્તિ પુરસ્કાર કોરોના મહામારીના કારણે યોજાઈ શક્યો ના હતો આથી 2020 અને 2021 સાથે પ્રદાન કરવામાં આવ્યા.

(3) <u>સુશ્રી ઉષાબેન વસાવા</u> <u>ગુજરાતના</u> <u>નર્મદા જિલ્લા</u>ના <u>સાગબરા તાલુકા</u>ના છે. તેઓ <u>ઓર્ગેનિક ખેડૂત અને આદિજાતિ</u> કાર્યકર્તા છે.

(4) સુશ્રી નિરંજનાબેન કલાર્થી બારડોલી સ્વરાજ આશ્રમના ટ્રસ્ટી છે અને સ્વાતંત્ર્ય સેનાની શ્રી ઉત્તમચંદભાઈ શાહના દીકરી છે. તેઓ એક લેખક અને શિક્ષણ શાસ્ત્રી છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપર કોમ્પ્યુટર પરમ ગંગા (Param Ganga)



'પરમ ગંગા' એ મેડ ઈન ઈન્ડિયા પેટાસ્કેલ સુપર કમ્પ્યુટર છે.

- જે નેશનલ સુપર કોમ્પ્યુટીંગ મિશન (NSM) હેઠળ IIT રૂરકી ખાતે સ્થાપિત થયું છે.
- NSM હેઠળ 'સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટીંગ' (C-DAC) દ્વારા તેની સ્થાપના કરવામાં આવી છે.
- પરમ ગંગાની સુપર કમ્પ્યુટીંગ ક્ષમતા 1.66 પેટાફ્લોપ્સ છે.

નોંધ : (1) નેશનલ સુપર કોમ્પ્યુટીંગ મિશન (NSM) એ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય તથા વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગની સંયુક્ત પહેલ છે.

(2) તે C-DAC અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc), બેંગ્લોર દ્વારા લાગુ કરવામાં આવી રહી છે.

(3) સુપર કમ્પ્યુટીંગ સિસ્ટમની રચના, વિકાસ અને કમિશન કરવાની જવાબદારી C-DACની છે.

(4) આ મિશનનો ઉદ્દેશ્ય ભારતની સ્વદેશી સુપર કોમ્પ્યુટીંગ ઈકોસિસ્ટમ વિકસાવવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઈ-બિલ સિસ્ટમ



તાજેતરમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને 46મા 'નાગરિક એકાઉન્ટ્સ દિવસ' (અથવા નાગરિક લેખા દિવસ)ના અવસર પર 'ઈ–બિલ સિસ્ટમ' લોન્ચ કરી હતી.

- ભારતમાં નાણાકીય સમાવેશ અભિયાનને સરળ બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની જાહેરાત કેન્દ્રીય બજેટ 2022માં કરવામાં આવી હતી.
- 1 માર્ચ, 1976ના રોજ ઈન્ડિયન સિવિલ એકાઉન્ટ્સ સર્વિસ (ICAS)ની સ્થાપનાની વર્ષગાંઠ નિમિત્તે દર વર્ષે 'સિવિલ એકાઉન્ટ્સ ડે' અથવા નાગરિક એકાઉન્ટ્સ ડે ઉજવવામાં આવે છે.

## ઈ-બિલ સિસ્ટમ વિશે

ઈ–બિલ સિસ્ટમ વધુ પારદર્શિતા અને ઝડપી ચુકવણી પ્રક્રિયા માટે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' (EODB) અને ડિજિટલ ઈન્ડિયા ઈકો–સિસ્ટમનો એક ભાગ છે.

- સરળ શબ્દોમાં કહીએ તો ઈ–બિલ પ્રોસેસિંગ સિસ્ટમ એ કાગળના પરંપરાગત ઉપયોગને બદલે ડિજિટલ રીતે બિલનો વ્યવહાર કરવાની એક રીત છે.
- હાલમાં સરકારે વિવિધ માલસામાન અને સેવાઓના સપ્લાયરોને તેમના બિલોની ભૌતિક, શાહી હસ્તાક્ષરિત નકલો ભારત સરકારના સંબંધિત મંત્રાલયો અથવા વિભાગો અથવા ઓફિસોને સબમિટ કરવાની હોય છે.
- જ્યારે ઈલેક્ટ્રોનિક્સ રીતે બિલ કરવામાં આવે છે ત્યારે ગ્રાહકો તેમના બિલ ઓનલાઈન, ઈ–મેઈલ દ્વારા અથવા મશીન દ્વારા વાંચી શકાય તેવા ડેટા ફોર્મમાં પ્રાપ્ત કરી શકશે.
- નવી રજૂ કરાયેલી ઈ–બિલ સિસ્ટમ હેઠળ વિક્રેતાઓ અથવા સપ્લાયર્સ તેમના બિલને સહાયક દસ્તાવેજો સાથે તેમના ઘર/ઓફિસમાં ડિજિટલ હસ્તાક્ષર દ્વારા કોઈપણ સમયે ઓનલાઈન અપલોડ કરી શકે છે.
- પ્રાપ્ત થયેલ ઈલેક્ટ્રોનિક બિલની દરેક તબક્કે સત્તાવાળાઓ દ્વારા ડિજિટલ રીતે પ્રક્રિયા કરવામાં આવશે અને અંતે ચૂકવણી ડિજિટલ રીતે વેચનાર બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિકાસ

નાણા મંત્રાલયના ખર્ચ વિભાગમાં કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્ની ઓફિસમાં 'પબ્લિક ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ સિસ્ટમ' (PFMS) વિભાગ દ્વારા વિકસિત કરવામાં આવી છે.

## ઉદ્દેશ્ય

ઈ–બિલ પ્રોસેસિંગ સિસ્ટમના મુખ્ય ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

- સરકારના તમામ વિક્રેતાઓ અથવા સપ્લાયર્સ કોઈપણ સમયે ગમે ત્યાંથી તેમના બીલ/દાવા સબમિટ કરી શકે તે માટે આ સિસ્ટમ ઉપયોગી બનશે.
- સપ્લાયર્સ અને સરકારી અધિકારીઓ વચ્ચે ભૌતિક ઈન્ટરફેસ દૂર કરવું.
- બીલ/દાવાઓની પ્રક્રિયામાં કાર્યક્ષમતા વધારવી.
- ફર્સ્ટ–ઈ–ફર્સ્ટ–આઉટ–FIFO પદ્ધતિ દ્વારા બિલની પ્રક્રિયામાં ઘટાડો કરવો.

# વિવો પ્રો કબડ્ડી સીઝન-8માં દબંગ દિલ્હી વિજેતા

તાજેતરમાં 22 ડિસેમ્બરથી 25 ફેબ્રુઆરી, 2022 દરમિયાન વિવો પ્રો–કબડ્ડી સીઝન 8નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ વખતની સીઝનમાં એક જ સ્થળ પર બેંગ્લોર ખાતે તમામ મેચો રમાઈ હતી.
- જેમાં પટના પાઈરેટ્સને હરાવીને દબંગ દિલ્હીની ટીમે વિવો પ્રો કબડ્ડી જીતી લીધી હતી.
- સિઝન 8મા સૌથી વધુ રેઈડ બેંગ્લુરૂ બુલ્સના ખલાડી શ્રી પવન સેહરાવતના નામે છે.

## પ્રો કબડ્ડી લીગ

પ્રો કબડ્ડી લીગને સંક્ષિપ્તમાં PKL તરીકે પણ ઓળખવામાં આવે છે. પરંતુ સ્પોન્સરશિપના કારણોસર તે વિવો પ્રો–કબડ્ડી તરીકે ઓળખાય છે.

- વર્ષ 2014માં તેમની શરૂઆત કરવામાં આવી હતી.
- પ્રો કબડ્ડી લીગ એ ઈન્ડિયન પ્રિમિયર લીગ (IPL)થી પ્રભાવિત છે.
- પ્રો કબડ્ડી લીગ IPLની જેમ જ ફ્રેન્ચાઈઝી–આધારિત મોડલનો ઉપયોગ કરે છે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ 3 વખત પટના પાઈરેટ્સે આ ટુર્નામેન્ટ જીતી છે.
- જ્યારે દબંગ દિલ્હીએ પ્રથમ વખત આ વખતે પ્રો કબડ્ડી લીગનું ટાઈટલ જીત્યું છે.
- વર્ષ 2014માં પ્રથમ ટાઈટલ જયપુર પિંક પેન્થર્સે જીત્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 8 માર્ચ 2022ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા વર્ષ 2020 અને 2021 થઈને કુલ કેટલા 'નારી શક્તિ એવોર્ડ' વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા ?

(A) 24 (B) 15

(C) 29 (D) 31 (C)

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પરમ ગંગા' (Param Ganga) શું છે ?

(A) એક સુપર કમ્પ્યૂટર

(B) પરમાણુ સબમરીન

(C) ગંગા નદી સ્વચ્છતા અભિયાન

(D) પશ્ચિમ બંગાળમાં માર્ચ મહિનામાં યોજાતો મેળો (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં 22 ડિસેમ્બરથી 25 ફેબ્રુઆરી 2022 દરમિયાન પ્રો કબડ્ડી લીગની કેટલામી સિઝનનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) ચોથી (B) પાંચમી


(C) છટ્ઠી (D) આઠમી (D)

4. વિવો પ્રો કબડ્ડી સિઝન 8માં કઈ ટીમ વિજેતા બની છે ?

(A) જયપુર પિંક પેન્થર્સ (B) દબંગ દિલ્હી

(C) પટના પાઈરેટ્સ (D) બેંગ્લુરુ બુલ્સ (B)

## દિવસ મહિમા : 10 માર્ચ, વિશ્વ કિડની દિવસ



માનવ શરીરના મહત્વનું અંગ કિડની અંગે તથા તેના રોગો અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરૂવારે 'વિશ્વ કિડની દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત **2022**માં **10 માર્ચ**ના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## UPI123Pay અને Digisathi



રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા **(RBI)**એ ડિજિટલ પેમેન્ટ કરવા માટે નોન–ઈન્ટરનેટ વપરાશકર્તાઓને ફોન માટે નવી **UPI** સેવાઓ **'UPI123Pay'** તેમજ **'Digisathi'** નામની ડિજિટલ ચુકવણીઓ માટે **24×7** હેલ્પલાઈન શરૂ કરી છે.

### UPI123Pay

તે સામાન્ય ફોન પર કામ કરશે જેમાં ઈન્ટરનેટ કનેક્શન નથી.

- અત્યાર સુધી **UPI** ફીચર મોટાભાગના સ્માર્ટફોન પર જ ઉપલબ્ધ છે.
- ફીચર ફોન માટેની **UPI** સેવા રિટેલ પેમેન્ટ પર **RBI**ના નિયમનકારી સેન્ડબોક્સનો લાભ લેશે.
- **UPI** સેવા 'ઓન–ડિવાઈસ' વોલેટ મિકેનિઝમ દ્વારા **UPI** એપ્લિકેશનમાં ડિજિટલ વ્યવહારોને સક્ષમ કરશે.
- વપરાશકર્તાઓ ચાર ટેક્નોલોજી વિકલ્પો પર બહુવિધ વ્યવહારો કરી શકશે, જેમાં **IVR** (ઈન્ટરેક્ટિવ વોઈસ રિસ્પોન્સ) નંબર્સ, મિસ્ડ કોલ આધારિત અભિગમ, ફીચર ફોનમાં એપ્લિકેશન કાર્યક્ષમતા અને 'નિયર વોઈસ' આધારિત ચુકવણીનો સમાવેશ થાય છે.
- ફીચર ફોન માટેની નવી સેવા વ્યક્તિઓને સ્માર્ટફોન અને ઈન્ટરનેટ વગર સીધા જ અન્યને ચુકવણી કરવા સક્ષમ બનાવશે.
- વપરાશકર્તાઓ મિત્રો અને કુટુંબીજનોને ચુકવણી કરી શકે છે, યુટિલિટી બીલ ચુકવી શકે છે, તેમના વાહનનું **FASTag** રિચાર્જ કરી શકે છે, મોબાઈલ બિલ ચુકવી શકે છે અને વપરાશકર્તાઓ તેમના ખાતાની બેલેન્સ ચેક કરી શકે છે.
- નોંધનીય છે કે **123Pay**નો ઉપયોગ કરવા માટે બેંક ખાતુ ફીચર સાથે લિંક હોવું આવશ્યક છે. પરંતુ વ્યવહાર કરવા માટે ઈન્ટરનેટ કનેક્શન જરૂરી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Digisathi

**UPI 123Pay** સાથે **RBI** ગવર્નરે ડિજિટલ પેમેન્ટ્સ માટે 24×7 હેલ્પલાઈન **'Digisathi'** પણ શરૂ કરી છે.

- તેની સ્થાપના નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન **(NPCI)** દ્વારા કરવામાં આવી છે.
- ડિજિસાથી ગ્રાહકોને વેબસાઈટ અને ચેટબોટ દ્વારા ડિજિટલ પેમેન્ટ અંગેના તેમના પ્રશ્નો અને ફરિયાદોમાં મદદ કરશે.
- ગ્રાહક **www.digisathi.info**ને પણ એક્સેસ કરી શકે છે અથવા ડિજિટલ પેમેન્ટ પર ફરિયાદ નિવારણ અથવા પૂછપરછ માટે **14431** અને **1800 891 3333** પર કોલ કરી શકે છે.

## મિશન ઈન્દ્રધનુષમાં ઓડિશાએ પ્રથમ સ્થાન મેળવ્યુ

મિશન ઈન્દ્રધનુષ **4.0** હેઠળ **COVID-19** સંક્રમણ સામે સફળ રસીકરણ સિવાય **90.5%** રસીકરણ પ્રાપ્ત કરનાર ઓડિશા દેશનું એકમાત્ર રાજ્ય બન્યું છે.

- નેશનલ ફેમિલી હેલ્થ સર્વે **(NFHS)-5** અનુસાર **90.5%** કવરેજ સાથે સંપૂર્ણ રસીકરણ કવરેજમાં ઓડિશા રાષ્ટ્રીય સ્તરે ટોચ પર છે.
- ઓડિશાના **20** જિલ્લાઓ સંપૂર્ણ રસીકરણમાં **90** ટકાથી વધુ હતા, જ્યારે બાકીના **10** જિલ્લા **90%**થી ઓછા હતા.
- સંપૂર્ણ રસીકરણમાં **12** વિવિધ પ્રકારના રોગો સામે નિવારક ડોઝનો સમાવેશ થાય છે.
- આ રોગમાં ક્ષયરોગ, પોલિયો, ડિપ્થેરિયા, કમળો, ટિટાનસ, **HIV**, ઓરી, ન્યુમોનિયા, રૂબેલા, જાપાની તાવ વગેરેનો સમાવેશ થાય છે.

નોંધ : (1) ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા **25** ડિસેમ્બર **2014**ના રોજ 'મિશન ઈન્દ્રધનુષ' શરૂ કરવામાં આવ્યું હતું. તે બુસ્ટર રસીકરણ કાર્યક્રમ છે જે ઓછા રસીકરણ કવરેજવાળા જિલ્લાઓમાં શરૂ કરવામાં આવ્યો હતો.

(2) ફેબ્રુઆરી **2022**માં સ્વાસ્થ્ય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ તાજેતરમાં દેશમાં બાળકો અને સગર્ભા મહિલાઓને ગંભીર રોગોથી બચાવવા માટે 'સઘન મિશન ઈન્દ્રધનુષ'ના ચોથા તબક્કા (સઘન મિશન ઈન્દ્રધનુષ **4.0**)ની શરૂઆત કરી હતી.

(3) નોંધનીય છે કે સઘન મિશન ઈન્દ્રધનુષ કાર્યક્રમ વર્ષ **2017**માં શરૂ કરવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પાલ-દઢવાવ ઘટનાના 100 વર્ષ પૂર્ણ



આઝાદીની લડત માટે જલિયાવાલા બાગના હત્યાકાંડથી પણ મોટી ઘટના આપણા ગુજરાતમાં સર્જાઈ હતી.

- ગુજરાતના જલિયાવાલા બાગ તરીકે ઓળખાતી પાલ દઢવાવની આ ઘટના 7 માર્ચ, 1922ના રોજ સાબરકાંઠા જિલ્લાના પાલ–દઢવાવ ખાતે બની હતી.
- જેના તાજેતરમાં 7 માર્ચ 2022ના રોજ 100 વર્ષ પૂર્ણ થયા છે.

## શું છે પાલ- દઢવાવની ઐતિહાસિક ઘટના ?

7 માર્ચ, 1922ના રોજ ગુજરાતના અંતરિયાળ વિસ્તાર સાબરકાંઠા જિલ્લામાં ભીલ આદિવાસીઓની વસતીવાળા ગામો પાલ, દઢવાવ અને ચિતરિયા ગામના ભીલ આદિવાસીઓ સાબરકાંઠામાં વહેતી હેર નદીની ત્રિભટે એકઠા થયા હતા.

- તેઓ જમીન મહેસુલ વ્યવસ્થા, જાગીરદારો અને રજવાડાના કાયદાઓના વિરોધ કરવા માટે શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં એકઠા થયા હતા.
- આ સમયે ત્યાં મેવાડ ભીલ કોર્પ્સ (MBC) નામના બ્રિટિશ અર્ધલશ્કરી દળના હથિયારબંધ જવાનો જરામરાની ટેકરીઓ પર ગોઠવાઈ ગયા હતા.
- મેવાડ ભીલ કોર્પ્સના અંગ્રેજ ઓફિસર એચ.જી.સટર્ને હજારોની સંખ્યામાં એકત્ર થયેલા આદિવાસીઓ પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો હતો.
- જેમાં લગભગ 1200 જેટલા નિર્દોષ આદિવાસીઓ મૃત્યુ પામ્યા હતા.
- આ ઘટનામાં શ્રી મોતીલાલ તેજાવતને પણ ગોળીઓ વાગી હતી.
- ઈતિહાસના પાને કંડોરાયેલી આ ઘટના 7 માર્ચ, 1922ના રોજ ઘટી હતી.
- સ્થાનિકોના કહેવા પ્રમાણે અહિંયા બાજુમાં આવેલ ઢેખડીયા અને દૂધિયા કુવાઓ મૃતદેહોથી છલકાઈ ગયા હતા.
- હજારોની સંખ્યામાં શહિદ થયેલા આદિવાસી ક્રાંતિકારોની આ ઘટનાને આજે પણ આ વિસ્તારના આદિવાસીઓ પોતાના લગ્ન ગીતોમાં આ ઘટનાના ગીતો ગૌરવભર ગાય છે.
- આ ઘટનાને ‘ગુજરાતના જલિયાવાલા બાગ’ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભીલ આદિવાસીઓ તથા સ્થાનિકો શ્રી મોતીલાલ તેજાવતને ‘કોલિયારીના ગાંધી’ કે ‘મોતીબાબા’ તરીકે ઓળખાવતા હતા.
- શ્રી મોતીલાલ તેજાવતનો જન્મ 1886માં કોલિયારી ગામમાં થયો હતો. આ ગામ હાલ રાજસ્થાનના ઉદયપુર જિલ્લામાં સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ કિડની દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) માર્ચ મહિનાનો બીજો મંગળવાર (B) માર્ચ મહિનાનો બીજો બુધવાર

(C) માર્ચ મહિનાનો બીજો ગુરૂવાર (D) માર્ચ મહિનાનો બીજો શુક્રવાર (C)

2. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ નવી UPI સેવા 'UPI123Pay' શરૂ કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે સામાન્ય ફોન પર પણ કામ કરશે.
2. આ UPI સેવાનો લાભ લેવા માટે ઈન્ટરનેટ કનેકશનની જરૂર નથી.
3. આ UPIથી વપરાશકર્તાઓ મિત્રો અને કુટુંબીજનોને ચુકવણી કરી શકે છે, યુટિલીટી બીલ ચુકવી શકે છે, વાહનનું FastTag રિચાર્જ પણ કરી શકે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 3

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

3. 'Digisathi' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે RBI દ્વારા શરૂ કરવામાં આવેલી ડિજિટલ પેમેન્ટ્સ માટેની હેલ્પલાઈન છે.

(B) તેની સ્થાપના NPCI દ્વારા કરવામાં આવી છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

4. મિશન ઈન્દ્રધનુષમાં કયા રાજ્યએ પ્રથમ સ્થાન મેળવ્યું છે ?

(A) ઓડિશા (B) સિક્કિમ (C) મેઘાલય (D) નાગાલેન્ડ (A)

5. 'પાલ–દઢવાવ' ઐતિહાસિક ઘટનાના તાજેતરમાં કેટલા વર્ષ પૂર્ણ થયા છે ?

(A) 50 (B) 75 (C) 100 (D) 130 (C)

6. ગુજરાતના જલિયાવાલા બાગ તરીકે ઓળખાતી પાલ–દઢવાવની ઐતિહાસિક ઘટના કયારે ઘટી હતી ?

(A) 7 માર્ચ, 1920 (B) 7 માર્ચ, 1922

(C) 7 માર્ચ, 1924 (D) 7 માર્ચ, 1926 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈરાને નૂર-2 (Noor 2) લશ્કરી ઉપગ્રહ લોન્ચ કર્યો

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) દ્વારા સૈન્ય ઉપગ્રહ નૂર-2ને પૃથ્વીથી 500 કિ.મી.ની ઊંચાઈએ ભ્રમણકક્ષામાં છોડવામાં આવ્યો હતો.

- ઈરાનનું આ બીજુ સૈન્ય સેટેલાઈટ લોન્ચિંગ છે.
- એપ્રિલ 2020માં પ્રથમ નૂર સૈન્ય ઉપગ્રહ પૃથ્વીની સપાટીથી 425 કિ.મી.ની ભ્રમણકક્ષામાં છોડવામાં આવ્યો હતો.
- ફારસી ભાષામાં નૂરનો અર્થ પ્રકાશ થાય છે.
- નૂર-12ને શાહરૂદ સ્પેસપોર્ટથી ત્રણ તબક્કાના કાસેડ અથવા 'મેસેન્જર' લોન્ચર દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો.
- ઈરાનના બીજા ઉપગ્રહને ભ્રમણકક્ષામાં છોડવું એ ઈરાનની સેના માટે એક મહત્વપૂર્ણ પગલું હશે.
- આ ઉપગ્રહનું વજન 45 કિલો છે.

## હરિયાણા સરકારે 'સુષ્મા સ્વરાજ એવોર્ડ'ની જાહેરાત કરી



હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટરે રાજ્યનું બજેટ રજુ કરતી વખતે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ક્ષેત્રોમાં જીવનના વિવિધ ક્ષેત્રોમાં તેમની નોંધપાત્ર સિદ્ધિઓ અથવા યોગદાન માટે મહિલાઓ માટે 'સુષ્મા સ્વરાજ પુરસ્કાર'ની જાહેરાત કરી છે.

- આ પુરસ્કાર હેઠળ હરિયાણા રાજ્ય સરકાર દ્વારા 5 લાખ રૂપિયાની ઈનામી રકમ સાથે પ્રશસ્તિપત્ર આપવામાં આવશે.

### સુશ્રી સુષ્મા સ્વરાજ

સુશ્રી સુષ્મા સ્વરાજનો જન્મ 14 ફેબ્રુઆરી, 1952ના રોજ હરિયાણા રાજ્યના અંબાલા કેન્ટોનમેન્ટમાં થયો હતો.

- તેઓ ભારતના ભૂતપૂર્વ વિદેશમંત્રી હતા.
- આ ઉપરાંત તેઓ દિલ્હીના પ્રથમ મહિલા મુખ્યમંત્રી પણ હતા.
- આ અંતર્ગત દિલ્હીના પાંચમાં મુખ્યમંત્રી તરીકે 12 ઓક્ટોબર, 1998થી 3 ડિસેમ્બર, 1998 દરમિયાન 52 દિવસ માટે પદ પર રહ્યા હતા.
- 1977માં 25 વર્ષની વયે તેઓ હરિયાણા રાજ્યના સૌથી યુવા કેબિનેટ મંત્રી બન્યા હતા.
- તેઓ સંસદ સભ્ય તરીકે 7 વખત અને ધારાસભ્ય તરીકે 3 વખત ચૂંટાયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- છેલ્લે વર્ષ **2014**માં મધ્યપ્રદેશની વિદિશા લોકસભા બેઠક પરથી 4 લાખ કરતા વધુ વોટથી તેઓ ચૂંટાઈ આવ્યા હતા.
- ત્યારબાદ **2014થી 2019** દરમિયાન તેઓ ભારતના વિદેશમંત્રી રહ્યા હતા.
- આ ઉપરાંત તેમણે કેન્દ્ર સરકારમાં સંસદીય બાબતોના મંત્રી, વિદેશમાં ભારતીય બાબતોના મંત્રી, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રી તથા માહિતી અને પ્રસારણ મંત્રી તરીકે પણ સેવા આપી હતી.
- વર્ષ **2009થી 2014** દરમિયાન તેઓ લોકસભામાં વિરોધપક્ષના નેતા પણ રહ્યા હતા.

નોંધ : (1) શ્રીમતી સુષ્મા સ્વરાજ સુપ્રીમ કોર્ટના વકીલ હતા.

(2) અમેરિકાના પ્રસિદ્ધ ન્યૂઝ પેપર **Wall street Journal** એ શ્રીમતી સુષ્મા સ્વરાજને **'Best-love politician'** કહ્યા હતા.

## રાષ્ટ્રીય જમીન મુદ્રીકરણ નિગમ (National Land Monetization Corporation)

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે 'નેશનલ લેન્ડ મોનેટાઈઝેશન કોર્પોરેશન' (NLMC) અથવા 'રાષ્ટ્રીય જમીન મુદ્રીકરણ નિગમ'ની સ્થાપનાની મંજૂરી આપી છે.

### નેશનલ લેન્ડ મોનેટાઇઝેશન કોર્પોરેશન (NLMC)

કેન્દ્રીય બજેટ **2021-22**માં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામન દ્વારા પ્રથમ વખત **NLMC**ની દરખાસ્ત કરવામાં આવી હતી.

- NLMC હવે ભારત સરકારની સંપૂર્ણ માલિકીની કંપની તરીકે સ્થાપવામાં આવશે.
- NLMC ફાજલ જમીન સંપત્તિઓનું મુદ્રીકરણ કરવા માટે એક એજન્સી તરીકે કાર્ય કરશે આ સંદર્ભમાં કેન્દ્રને સહાય અને તકનીકી સલાહ આપશે.
- NLMC રૂ. 5000 કરોડની પ્રારંભિક અધિકૃત શેર મૂડી અને રૂ. 150 કરોડની પેઈડ–અપશેર મૂડી સાથે જાહેર કરવામાં આવી છે.
- NLMCના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને કંપનીના વ્યવસાયિક સંચાલન અને સંચાલનને સક્ષમ કરવા માટે જાણીતા નિષ્ણાતોનો સમાવેશ થશે.
- ચેરમન અને બિન–સત્તાવાર નિર્દેશકોની નિમણૂક મેરિટ આધારિત પસંદગી પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે.
- નવી કંપનીની સ્થાપના નાણા મંત્રાલયના વહીવટી અધિકારક્ષેત્ર હેઠળ કરવામાં આવશે.
- નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (NIIF) અને ઈન્વેસ્ટ ઈન્ડિયા જેવી સમાન વિશિષ્ટ સરકારી કંપનીઓના કિસ્સામાં NLMC ખાનગી ક્ષેત્રના વ્યવસાયિકોને એ જ રીતે હાયર કરશે.

## મુદ્રીકરણની જરૂરિયાત

ઘણા સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝીસ (CPSES) પાસે જમીન અને ઈમારતો જેવી વધારાની સંપત્તિ છે, જેનો ઉત્પાદક ઉપયોગ કરવામાં આવતો નથી.

- આવી બિન–મુખ્ય સંપત્તિઓનું મુદ્રીકરણ તેમના મૂલ્યને અનલોક કરવામાં મદદ કરશે.
- મુદ્રીકરણ દ્વારા આ બિન ઉપયોગી સંપત્તિનો ઉપયોગ ખાનગી ક્ષેત્રમાંથી રોકાણ આકર્ષવા અને રોજગારીની નવી તકો ઊભી કરવા માટે થઈ શકે છે.
- આ સંપત્તિઓના મુદ્રીકરણથી સરકાર માટે નોંધપાત્ર આવક પણ થશે, જેનો ઉપયોગ આર્થિક અને સામાજિક માળખાના નિર્માણ માટે થઈ શકે છે.

## NLMCના કાર્યો

- NLMC સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝીસ (CPSES) અને અન્ય સરકારી એજન્સીઓની ફાજલ જમીન અને મકાન સંપત્તિનું મુદ્રીકરણ કરશે.
- NLMC અન્ય સરકારી સંસ્થાઓ (CPSES સહિત)ને તેમની વધારાની બિન–મુખ્ય સંપત્તિઓને ઓળખવામાં અને મહત્તમ મૂલ્ય હાંસલ કરવામાં વ્યવસાયિક અને કાર્યક્ષમ રીતે તેનું મુદ્રીકરણ કરવામાં સલાહ અને સમર્થન આપશે.
- તે જમીની મુદ્રીકરણની શ્રેષ્ઠ પદ્ધતિઓના ભંડાર તરીકે કામ કરશે.
- સરકારને સંપત્તિ મુદ્રીકરણ કાર્યક્રમોના અમલીકરણમાં સહાય અને તકનીકી સલાહ પ્રદાન કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં કયા દેશે નૂર-2 (Noor 2) નામનો લશ્કરી ઉપગ્રહ લોન્ચ કર્યો છે ?

(A) પાકિસ્તાન (B) ઈરાન

(C) ઓમાન (D) ઉત્તર–કોરિયા (B)

2. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે મહિલાઓ માટે 'સુષ્મા સ્વરાજ પુરસ્કાર' સ્થાપવાની જાહેરાત કરી છે ?

(A) હરિયાણા (B) ગોવા

(C) ઉત્તરાખંડ (D) હિમાચલ પ્રદેશ (A)

3. સુશ્રી સુષ્મા સ્વરાજનો જન્મ કયાં થયો હતો ?

(A) અંબાલા કોન્ટનમેન્ટ, મહારાષ્ટ્ર (B) અંબાલા કોન્ટનમેન્ટ, મધ્યપ્રદેશ

(C) અંબાલા કોન્ટનમેન્ટ, હિમાચલ પ્રદેશ (D) અંબાલા કોન્ટનમેન્ટ, હરિયાણા (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે 'નેશનલ લેન્ડ મોનેટાઈઝેશન કોર્પોરેશન' (NLMC)ની સ્થાપનાની મંજૂરી આપી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. NLMC ભારત સરકારની સંપૂર્ણ માલિકીની કંપની તરીકે સ્થાપવામાં આવશે.
2. તે ફાજલ જમીન સંપત્તિઓનું મુદ્રીકરણ કરવા માટે એક એજન્સી તરીકે કાર્ય કરશે.
3. NLMCના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને કંપનીના વ્યવસાયિક સંચાલન અને સંચાલનને સક્ષમ કરવા માટે જાણીતા નિષ્ણાતોનો સમાવેશ થશે.
4. આ નવી કંપનીની સ્થાપના કેન્દ્ર સરકારના MSME મંત્રાલય અને વિજ્ઞાન અને ટેકનોલોજીના મંત્રાલય દ્વારા કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 3 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

## દિવસ મહિમા : 12 માર્ચ, સાયબર સેન્સરશિપ વિરુદ્ધ વિશ્વ દિવસ (World Day Against Cyber Censorship)

## ISSF વર્લ્ડ કપ 2022ની મેડલ ટેલીમાં ભારત ટોચ પર

26 ફેબ્રુઆરીથી 8 માર્ચ 2022 દરમિયાન ઈજિપ્તના કાહિરા (અથવા કૈરો) ખાતે 'ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન (ISSF) વર્લ્ડ કપ 2022' યોજાયો હતો.

- જેમાં ભારતીય ટીમ ચાર ગોલ્ડ, બે સિલ્વર અને એક બ્રોન્ઝ સહિત સાત મેડલ સાથે મેડલ ટેલીમાં ટોચ પર છે.
- જ્યારે નોર્વે છ મેડલ સાથે બીજા ક્રમે છે.
- ત્યારબાદ ફ્રાન્સ ત્રણ ગોલ્ડ સાથે ત્રીજા સ્થાને છે.
- આ વર્લ્ડકપમાં 60 દેશોના 500થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- આ ટુર્નામેન્ટમાં 22 દેશોએ મેડલ જીત્યા હતા.

### ભારતનું પ્રદર્શન

શ્રી સૌરભ ચૌધરીએ પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેમણે જર્મનીના માઈકલ શ્વાલ્ડને 10 મીટર એર પિસ્તોલમાં 16-6ના સ્કોરથી હરાવ્યો હતો.

- શ્રી અનિશ ભાનવાલા અને સુશ્રી રિધમ સાંગવાને ISSF વર્લ્ડ કપની છેલ્લી ઈવેન્ટમાં થાઈલેન્ડ સામે 25 મીટર રેપિડ ફાયર પિસ્તોલ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- સુશ્રી નિવેથા પરમનાથ, સુશ્રી ઈશા સિંહ અને સુશ્રી રૂચિરા વિનાકરે મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- ત્યારબાદ સુશ્રી ઈશા સિંહ, સુશ્રી રાહી સરનોબત અને સુશ્રી રિધમ સાંગવાને મહિલાઓની 25 મીટર પિસ્તોલ ઈવેન્ટમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો, તેમણે આ કેટેગરીની ગોલ્ડ મેડલ મેચમાં સિંગાપોરની ટીમને હરાવી હતી.
- સુશ્રી ઈશા સિંહે મહિલાઓની 10 મીટર એર પિસ્તોલમાં વ્યક્તિગત ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- આ ઉપરાંત અખિલ શિયોરાન અને શ્રીયંકા સદાંગીએ 50 મીટર રાઈફલ પોઝિશન મિશ્રિત ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## તાપી-પાર-નર્મદા લિંક પ્રોજેક્ટ

તાજેતરમાં કેટલાક આદિવાસી સમુદાયે 'પાર–તાપી–નર્મદા લિંક પ્રોજેક્ટ' સામે તેમનો વિરોધ ઉગ્ર બનાવ્યો છે.

- તાજેતરમાં આ પ્રોજેક્ટનો ઉલ્લેખ નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામન દ્વારા બજેટ ભાષણ (2022-23)માં કરવામાં આવ્યો હતો.
- આ પ્રોજેક્ટને વર્ષ 2010માં મંજૂરી આપવામાં આવી હતી, જ્યારે કેન્દ્ર સરકાર, ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને કહ્યું હતું કે રાજ્યોની સંમતિ બાદ નદીને એકબીજા સાથે જોડવાના પાંચ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.
- આ પ્રોજેક્ટમાં દમણ ગંગા–પિંજલ, પાર–તાપી–નર્મદા, ગોદાવરી–કૃષ્ણા, કૃષ્ણા પેન્નાર અને પેન્નાર કાવેરીનો સમાવેશ થાય છે.

### પાર-તાપી-નર્મદા લિંક પ્રોજેક્ટ

પાર–તાપી–નર્મદા લિંક પ્રોજેક્ટ પશ્ચિમ ઘાટના પાણીના વધારાના વિસ્તારોમાંથી પાણીને સૌરાષ્ટ્ર અને કચ્છ (ગુજરાત)ના પાણીની અછતવાળા વિસ્તારોમાં સ્થાનાંતરિત કરવાની દરખાસ્ત કરે છે.

- આ લિંક પ્રોજેક્ટમાં ઉત્તર મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં સાત સૂચિત જળાશયોનો સમાવેશ થાય છે.
- સાત સૂચિત જળાશયોનું પાણી 395 કિ.મી લાંબી નહેર દ્વારા સંચાલિત સરદાર સરોવર યોજના (નર્મદા પર) ટૂંકા માર્ગના વિસ્તારોને સિંચાઈ કરતી વખતે લેવામાં આવશે.
- આનાથી સરદાર સરોવરના પાણીની બચત થશે જેનો ઉપયોગ સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં સિંચાઈ માટે થશે.
- આ લિંકમાં મુખ્યત્વે સાત ડેમ, ત્રણ ડાયવર્ઝન વિયર, બે ટનલ, 395 કિ.મી લાંબી કેનાલ, 6 પાવર હાઉસ અને અનેક ક્રોસ–ડ્રેનેજ કામોની કલ્પના કરવામાં આવી છે.

નોંધ : (1) નર્મદા નદી મધ્યપ્રદેશમાં અમરકંટક નજીક મૈકલ પર્વતમાળામાંથી ઉદ્ભવે છે અને તેમનું અંતિમ સ્થાન ખંભાતનો અખાત છે.

(2) તાપી નદી મધ્યપ્રદેશના બેતુલ જિલ્લામાં ગાવીલગઢની ટેકરીમાંથી ઉદ્ભવે છે અને સુરત પાસે ખંભાતના અખાતને મળે છે.

(3) પાર નદી મહારાષ્ટ્રમાં નાસિકના વડપાડા ગામમાંથી ઉદ્ભવે છે. (અથવા મહારાષ્ટ્રમાં સહયાદ્રીમાંથી) અને અરબ સાગરને મળે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી યુન-સુક-યોલ દક્ષિણ કોરિયાના નવા રાષ્ટ્રપતિ બન્યા



દક્ષિણ કોરિયાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ શ્રી યુન–સુક–યોલ આગામી રાષ્ટ્રપતિ બનશે.

- તેમણે શ્રી લી જે મ્યુંગને બહુ ઓછા મતોથી હરાવ્યા હતા.
- શ્રી યુન–સુક–યોલનો જન્મ સિઓલમાં થયો હતો.
- પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી મૂન–જે–ઈન હેઠળ તેમણે **2019થી 2021** સુધી દક્ષિણ કોરિયાના પ્રોસિક્યુટર જનરલ તરીકે સેવા આપી હતી.
- તેઓ **10 મે, 2022**ના રોજ દક્ષિણ કોરિયાના નવા રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યભાર સંભાળશે.



1. ‘સાયબર સેન્સરશિપ વિરુદ્ધ વિશ્વ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 માર્ચ (B) 12 માર્ચ (C) 13 માર્ચ (D) 14 માર્ચ (B)

2. ‘ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન (ISSF) વર્લ્ડ કપ 2022’માં મેડલ ટેલીમાં કયો દેશ પ્રથમ ક્રમે રહ્યો છે ?

(A) ચીન (B) અમેરિકા

(C) જાપાન (D) ભારત (D)

3. ISSF વર્લ્ડ કપ 2022માં ભારતે કુલ કેટલા મેડલ જીત્યા છે ?

(A) 6 (B) 7 (C) 9 (D) 12 (B)

4. તાજેતરમાં ‘તાપી–પાર–નર્મદા લિંક પ્રોજેક્ટ’નો અમુક સમુદાયો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. આ પ્રોજેક્ટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ પ્રોજેક્ટ પશ્ચિમ ઘાટના પાણીના વધારાના વિસ્તારોમાંથી પાણીને સૌરાષ્ટ્ર અને કચ્છના પાણીની અછતવાળા વિસ્તારોમાં સ્થાનાંતરિત કરવાની દરખાસ્ત કરે છે.

(B) આ લિંકમાં મુખ્યત્વે સાત ડેમ, ત્રણ ડાયવર્ઝન, બે ટનલ, 395 કિ.મી લાંબી કેનાલ અને 6 પાવર હાઉસની કલ્પના કરવામાં આવી છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

5. શ્રી યુન–સુક–યોલ કયા દેશના નવા રાષ્ટ્રપતિ બન્યા છે ?

(A) દક્ષિણ કોરિયા (B) સુદાન

(C) ફિલિપાઈન્સ (D) નાઈજીરિયા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ ખાતે ગુજરાત પંચાયત મહાસંમેલનને સંબોધિત કર્યું**

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ગુજરાત પંચાયત મહાસંમેલનને સંબોધિત કર્યુ હતું અને જણાવ્યું હું કે ગુજરાત એ મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિ છે. પૂજ્ય બાપુએ હંમેશા ગ્રામીણ વિકાસ અને આત્મનિર્ભરતાની વાત કરી છે. આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ ત્યારે પૂજ્ય બાપુના ગ્રામ વિકાસ અને આત્મનિર્ભરતાના સ્વપ્નને સાકાર કરવા આપણે સૌ કટિબધ્ધ બનીએ. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન રાજ્યની પંચાયતી વ્યવસ્થામાં મહિલાઓના યોગદાનને બળ પૂરું પાડવાનો નવતર અભિગમ અપનાવ્યો હતો. આ ઉપરાંત 'ગામમાં કોઈને ગરીબ નથી રહેવા દેવા' તેવો સંકલ્પ લેવા જન પ્રતિનિધિઓને તેમણે આહવાન કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વુમન સ્ટાર્ટઅપ્સ સ્ટોરીઝ વર્ણવતી કોફી ટેબલ બુકનું વિમોચન કર્યું**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વુમન સ્ટાર્ટઅપ્સ સ્ટોરિઝ વર્ણવતી કોફી ટેબલ બુકના વિમોચન પ્રસંગે જણાવ્યું કે આઝાદી કા અમૃત મહોત્સવ વર્ષે વુમન સ્ટાર્ટઅપ્સની 75 સાફલ્ય ગાથાઓ રાજ્યની મહિલા શક્તિને ઉજાગર કરશે. I- Hub અને SSIP અંતર્ગત તૈયાર કરાયેલી કોફી ટેબલ બુક '57 સ્ટોરિઝ ઓફ સ્ટાર્ટઅપ્સ એન્ડ ઈનોવેશન'નું આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે ઈનોવેશનના 12 ક્ષેત્રો તેમજ રાજ્ય યુનિવર્સિટીઓ અને ઈન્ક્યુબેટર્સમાં યોગદાન આપનારી 75 મહિલા સાહસિકોના સ્ટાર્ટ–અપ્સને વર્ણવતી કોફી ટેબલ બુકનું સંકલન શિક્ષણ વિભાગે કર્યુ છે.

➢ **નવસારીથી રાજ્ય વ્યાપી મહેસૂલ મેળાનો પ્રારંભ**

રાજ્યના નાગરિકોને મહેસૂલી સેવાઓના લાભ ઘર આંગણે સત્વરે મળી રહે તેમજ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ થાય તે માટે મહેસૂલ વિભાગે નવતર અભિગમ હાથ ધર્યો છે. જેના ભાગરૂપે રાજ્યભરમાં જિલ્લા મથકોએ 'મહેસૂલ મેળા' યોજવા અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત મહેસૂલી સેવાઓ તેમજ પ્રશ્નોના સ્થળ પર જ નિકાલ માટે મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ નવસારીથી 'મહેસૂલ મેળા'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

## ભારત

➢ **સ્વદેશ દર્શન એવોર્ડની સ્થાપના કરવામાં આવી**

પ્રવાસન મંત્રાલયે રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન અને વિવિધ અમલીકરણ એજન્સીઓ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને માન્યતા આપવા માટે વિવિધ શ્રેણીઓમાં 'સ્વદેશ દર્શન એવોર્ડ'ની સ્થાપના કરી છે. નવીન અભિગમ, ઉદ્દેશ્યોની ડિઝાઈન, આયોજન અને કામગીરીમાં સ્થિરતાના સિધ્ધાંતોને અપનાવવા, પ્રેરિફેરલ વિકાસમાં ખાનગી રોકાણને આકર્ષવાની ક્ષમતા, કાર્યક્ષમ પ્રોજેક્ટ મોનેટરિંગ જેવા શ્રેષ્ઠ પ્રયાસોને સુનિશ્ચિત કરવા માટેના પ્રયાસોને માન્યતા આપવા માટે આ એવોર્ડ આપવામાં આવશે. આ માટે કેન્દ્રશાસિત પ્રદેશો અને રાજ્ય સરકારોને તેમની એન્ટ્રીઓ ઓનલાઈન મોડ દ્વારા સબમિટ કરવા માટે કહેવામાં આવ્યું છે. નોંધનીય છે કે સ્વદેશ દર્શન યોજના 2014-15માં શરૂ કરાયેલ કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➢ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂણે મેટ્રો (Pune Metro)નું ઉદ્દઘાટન કર્યુ**

6 માર્ચ 2022ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂણે મેટ્રો ટ્રેનનું ઉદ્દઘાટન કર્યુ હતું. પૂણે મેટ્રો એક ઝડપી પરિવહન વ્યવસ્થા છે. સિસ્ટમમાં કુલ 54.58 કિ.મી.ની ત્રણ લાઈન છે. હાલમાં આ ટ્રેનો બે રૂટ પર દોડશે. 6 માર્ચથી પૂણેમાં 10 સ્ટેશનો કાર્યરત થઈ ગયા છે. નોંધનીય છે કે 24 ડિસેમ્બર, 2016ના રોજ વડાપ્રધાનશ્રીએ પૂણે મેટ્રો રેલ પ્રોજેક્ટનો શિલાયન્સ કર્યો હતો.

### ➤ સ્વચ્છાગ્રહ (Swachhagraha) કાર્યક્રમ

દેશના નાગરિકોમાં સ્વતંત્રતા અને સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે 5 માર્ચ 2022ના રોજ સ્વચ્છાગ્રહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુલભ ઈન્ટરનેશનલના સહયોગથી આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય, સંસ્કૃતિ મંત્રાલય અને જલશક્તિ મંત્રાલય દ્વારા સ્વચ્છાગ્રહ પર એક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય 'સ્વચ્છતા, સ્વતંત્રતા અને સુલભતા અંગે જાગૃતિ લાવવાનો છે. સ્વચ્છાગ્રહ અભિયાન વિશ્વના સૌથી મોટા અને અસરકારક જન આંદોલન 'સત્યાગ્રહ'થી પ્રેરિત છે. આ અભિયાનનો ઉદ્દેશ્ય સ્વચ્છતાની ટકાઉ સંસ્કૃતિ વિકસાવવાનો છે. આ અભિયાન યુવા નાગરિકોને સક્રિય પણે ભાગ લેવા અને યુવા નેતાઓને વિકસાવવા પ્રોત્સાહિત કરીને સ્વચ્છ ભારત અભિયાનને પ્રોત્સાહન આપે છે.

### ➤ બેંગ્લોરમાં શરૂ થઈ ઈન્ડિયા ગ્લોબલ ફોરમ

ઈન્ડિયા ગ્લોબલ ફોરમ (IGF)ની વાર્ષિક સમિટ કેન્દ્રીય મંત્રીઓ, રાજનેતાઓ અને વૈશ્વિક બિઝનેસ એક્ઝિક્યુટિવ્સ સાથે ટેક–આધારિત વિક્ષેપના અગ્રણી ચહેરાઓ અને યુનિકોર્ન ક્લબમાં પ્રવેશ કરનારાઓને એક સાથે લાવશે. બેંગ્લોરમાં 7-8 માર્ચ 2022 દરમિયાન આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયા ગ્લોબલ ફોરમનો ઉદ્દેશ્ય યુવા સાહસિકોને નવા ધ્યેયો નિર્ધારિત કરવામાં અને મુખ્ય વૈશ્વિક મુદ્દાઓને સંબોધવામાં મદદ કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ઊંટ સંરક્ષણ અને વિકાસ નીતિ

તાજેતરમાં રાજસ્થાન રાજ્ય સરકાર દ્વારા બજેટ વર્ષ 2022-23માં ઊંટ સંરક્ષણ અને વિકાસ નીતિની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્ય સરકારના આંકડા મુજબ રાજસ્થાન રાજ્યમાં બે લાખથી ઓછા ઊંટ બચ્યા છે. વર્ષ 2012થી ઊંટોની સંખ્યામાં સતત ઘટાડો થયો છે. વર્ષ 2019માં છેલ્લી વખત ગણતરી કરવામાં આવી ત્યારે લગભગ 2.5 લાખ ઊંટ બાકી હતા. ઊંટોની વસતી સતત ઘટી રહી હોવાથી રાજસ્થાન સરકાર દ્વારા આ નીતિ જાહેર કરવામાં આવી છે. આ નીતિ માટે 10 કરોડ રૂપિયાનું બજેટ પણ પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે ઊંટ રાજસ્થાન રાજ્યનું રાજ્ય પ્રાણી છે.

### ➤ ચંદ્ર પર આર્ગોન-40 વિતરણ

તાજેતરમાં ચંદ્રયાન-2 પર સ્થિત સ્પેક્ટ્રોમીટર 'ચંદ્રાઝ એટમોસ્ફેરિક કમ્પોઝિશન એક્સપ્લોરર - CHACE-2' દ્વારા ઉમદા વાયુઓમાંથી એક આર્ગોન-40ના વિતરણ સંબંધિત પ્રથમ શોધ કરવામાં આવી છે. નોંધનીય છે કે ચંદ્રયાન-2 ભારત દ્વારા જુલાઈ 2019માં લોન્ચ કરવામાં આવ્યું હતું.

➤ **પ્રથમ વર્ચ્યુઅલ સ્માર્ટ ગ્રીડ નોલેજ સેન્ટર**

તાજેતરમાં કેન્દ્રીય ઉર્જા મંત્રી દ્વારા 'વર્ચ્યુઅલ સ્માર્ટ ગ્રીડ નોલેજ સેન્ટર' (Virtual SGKC) અને ઈનોવેશન પાર્કનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. માનેસર (હરિયાણા) ખાતે પાવરગ્રીડ કેન્દ્રની અંદર સ્થિત વર્ચ્યુઅલ સ્માર્ટ ગ્રીડ નોલેજ સેન્ટર એ કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રથમ પ્રકારની પહેલ છે. આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે આ પહેલ સ્માર્ટ ગ્રીડ ટેકનોલોજીમાં નવીનતા, સાહસિકતા અને સંશોધનને પ્રોત્સાહન આપવા માટે વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠતાના અગ્રણી કેન્દ્રોમાંનું એક હશે.

➤ **તમિલનાડુમાં ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના**

150.4 કરોડના અંદાજિત ખર્ચે અગ્રણી ખાતર ઉત્પાદક સધન પેટ્રોકેમિકલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ (SPIC) દ્વારા તમિલનાડુના થૂથુકુડી ખાતે ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટની સ્થાપના કરવામાં આવી છે. આ યુનિટનું ઉદ્દઘાટન મુખ્યમંત્રી શ્રી એમ. કે. સ્ટાલિન દ્વારા કરવામાં આવ્યું હતું. પ્લાન્ટ વાર્ષિક 42.0 મિલિયન વીજળી ઉત્પન્ન કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **IRDAIના નવા અધ્યક્ષ : શ્રી દેબાશિષ પાંડા**

કેન્દ્ર સરકારે તાજેતરમાં ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI)ના નવા અધ્યક્ષ તરીકે નાણાકીય સેવાઓ વિભાગના ભૂતપૂર્વ સચિવ શ્રી દેવાશિષ પાંડાની નિમણૂક કરી છે. તેમની નિમણૂક 3 વર્ષના સમયગાળા માટે કરવામાં આવી છે. નોંધનીય છે કે મે 2021માં IRDAIના ચેરમેન તરીકે શ્રી સુભાષ સી. ખૂંટિયાની નિવૃતિ બાદ આ પદ ખાલી હતું. IRDAI એક વૈધાનિક સંસ્થા છે. તેની રચના વીમા નિયમનકારી અને વિકાસ સત્તા અધિનિયમ 1999 હેઠળ કરવામાં આવી હતી.

## વિશ્વ

➤ **BBIN મોટર વ્હીકલ એગ્રીમેન્ટ**

તાજેતરમાં ભારત, બાંગ્લાદેશ અને નેપાળે 'બાંગ્લાદેશ–ભૂટાન–ભારત–નેપાળ' (BBIN) મોટર વ્હીકલ એગ્રીમેન્ટ (MVA)ના અમલીકરણ માટે એક સક્ષમ MoUને અંતિમ સ્વરૂપ આપ્યું છે. BBIN મોટર વ્હીકલ એગ્રીમેન્ટ (MVA) પર જૂન 2015માં ભૂટાનના થિમ્પુમાં BBIN પરિવહન મંત્રીઓની મીટિંગમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. BBIN MVA આ ચાર દેશોને કાર્ગો અને મુસાફરોના પરિવહન માટે એકબીજાના દેશમાં તેમના વાહનો ચલાવવાની મંજૂરી આપશે.

## ICE ? Questions

➢ તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે આયોજિત ગુજરાત પંચાયત મહાસંમેલનને સંબોધિત કર્યુ હતું ? – અમદાવાદ

➢ **I-Hub** અને **SSIP** અંતર્ગત તૈયાર કરાયેલી કોફી ટેબલ બુક '75 સ્ટોરિઝ ઓફ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન' બૂકનું વિમોચન કોણે કર્યુ હતું ? – શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

➢ કયા સ્થળેથી મહેસૂલ મેળાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે ? – નવસારી

➢ તાજેતરમાં કયા મંત્રાલયે 'સ્વદેશ દર્શન એવોર્ડ'ની સ્થાપના કરી છે ? – પ્રવાસન મંત્રાલય

➢ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં મહારાષ્ટ્રના કયા શહેરની મેટ્રો ટ્રેનનું ઉદ્દઘાટન કર્યુ હતું ?– પૂણે

➢ દેશના નાગરિકોમાં સ્વતંત્રતા અને સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે **5** માર્ચ, **2022**ના રોજ................કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. – સ્વચ્છાગ્રહ

➢ તાજેતરમાં કયા સ્થળે ઈન્ડિયા ગ્લોબલ ફોરમની વાર્ષિક સમિટ શરૂ થઈ છે ? – બેંગ્લોર

➢ તાજેતરમાં કઈ રાજ્ય સરકારે તેના બજેટમાં ઊંટ સંરક્ષણ અને વિકાસ નીતિની જાહેરાત કરી હતી ? – રાજસ્થાન

➢ તાજેતરમાં ચંદ્રયાન-**2** પર સ્થિત સ્પેક્ટ્રોમિટર................દ્વારા ઉમદાવાયુઓમાંથી એક આર્ગોન-**40**ના વિતરણ સંબંધિત શોધ કરવામાં આવી હતી. – **CHACE-2**

➢ **BBIN** મોટર વ્હીકલ એગ્રીમેન્ટ કયા દેશો સાથે સંકળાયેલ છે ? – બાંગ્લાદેશ–ભૂટાન–ભારત–નેપાળ

➢ તમિલનાડુના કયા સ્થળે ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે ? – થૂથુકડી

➢ **IRDAI** ના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી દેબાશિષ પાંડા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. ગુજરાતના કયા સ્થળે 11 કરોડના ખર્ચે 'વીર મેઘમાયા'ના સ્મારકનું નિર્માણ થશે ? – પાટણ (સિદ્ધપુર)
2. ............ના વૈજ્ઞાનિકોની એક ટીમે તમિલનાડુના કન્યાકુમારી વન્યજીવ અભયારણ્યમાંથી નવી 'જીન બેરી' પ્રજાતિ 'ગ્લાઈકોસ્મિસ અલ્બીકાર્પા' (Glycosmis Albicarpa) શોધી કાઢી છે. – બોટનિકલ સર્વે ઓફ ઈન્ડિયા (BSI)
3. મેરકોમ ઈન્ડિયા રિસર્ચ અનુસાર ભારતે વર્ષ 2021માં કેટલા ગીગાવોટ (GW) સોલાર ક્ષમતા સ્થાપિત કરી છે ? – 10
4. રાજ્યમાં કેસોની તપાસ માટે CBI પાસેથી સંમતિ પાછી ખેંચનાર મેઘાલય દેશનું.........મું રાજ્ય બન્યું છે.– 9મું
5. તાજેતરમાં કયા દેશે રિકોનિસન્સ સેટેલાઈટ સિસ્ટમનું પરીક્ષણ કર્યુ છે ? – ઉત્તર કોરિયા
6. તાજેતરમાં કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે 'સ્કૂલ હેલ્થ ક્લિનિક્સ'નું ઉદ્દઘાટન કર્યુ છે ? – નવી દિલ્હી
7. સુશ્રી રાહી સરનોબત, સુશ્રી ઈશા સિંહ અને સુશ્રી રિધમ સાંગવાન કઈ રમત સાથે સંકળાયેલ છે ? – શૂટિંગ (તાજેતરમાં ભારતીય મહિલા શૂટર સુશ્રી રાહી સરનોબત, સુશ્રી ઈશા સિંહ તથા સુશ્રી રિધમ સાંગવાનની ત્રિપુટીએ. ISSF શૂટિંગ વર્લ્ડ કપમાં ભારતને ત્રીજો ગોલ્ડ મેડલ અપાવ્યો છે.)
8. તાજેતરમાં કઈ ખેલાડીએ 150થી વધુ રન અને પાંચ વિકેટની સિદ્ધિ નોંધાવી હતી ? – શ્રી રવીન્દ્ર જાડેજા
9. ઝારોખા જે તાજેતરમાં સમાચારમાં રહ્યું હતું તે કયા ક્ષેત્ર સાથે સંબંધિત તહેવાર છે ? – કલા અને સંસ્કૃતિ (સંસ્કૃતિ અને કાપડ મંત્રાલય સંયુક્ત રીતે 'ભારતીય હસ્તકલા/હેન્ડલૂમ્સ, કલા અને સંસ્કૃતિનું આયોજન કરી રહ્યું છે. તે 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાથ ધરવામાં આવશે. આ ઉત્સવ અંતર્ગત પ્રથમ કાર્યક્રમ ભોપાલમાં આયોજીત કરવામાં આવી રહ્યો છે.)
10. 'ટ્રેલિસ સ્ટ્રક્ચર' જે તાજેતરમાં સમાચારમાં હતું તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ? – ખેતી
11. વર્ષ 2022 સુધીમાં વિશ્વનો સૌથી મોટો ક્રૂડ ઓઈલ ઉત્પાદક દેશ કયો છે ? – અમેરિકા
12. કયા રાજ્યના મુખ્યમંત્રીએ તાજેતરમાં 'કૌશલ્યા માતૃત્વ યોજના' શરૂ કરી છે ? – છત્તીસગઢ (આ યોજના હેઠળ મહિલાઓને બીજી છોકરીઓના જન્મ પર રૂ. 5000ની સહાય આપવામાં આવશે.)
13. તાજેતરમાં.............ના ભારતીય સંશોધકોએ SARAS 3 રેડિયો ટેલિસ્કોપનો ઉપયોગ કરીને એક અભ્યાસમાં કોસ્મિક ડોન (બ્રહ્માંડની ઉત્પતિ)માંથી રેડિયો વેવ સિગ્નલ શોધી કાઢયું છે. – રામન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (RRI)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**14.** તાજેતરમાં નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશને ભારતીય યુવાનોમાં ઓગમેન્ટેડ રિયાલિટી (AR) કૌશલ્યોને પ્રોત્સાહન આપવા માટે..........સાથે તેની ભાગીદારીની જાહેરાત કરી છે. **– Snap INC**

**15.** ભારતમાં 'Who ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસન' (WHO GCTM)ની સ્થાપના કયાં કરવામાં આવશે ? **– જામનગર**

(કેન્દ્રીય કેબિનેટે આયુષ મંત્રાલય હેઠળ ગુજરાતના જામનગર ખાતે WHO ગ્લોબલ સેન્ટ્રલ ફોર ટ્રેડિશનલ મેડિસન (WHO GCTM)ની સ્થાપનાને મંજૂરી આપી છે. ભારત સરકાર અને WHO વચ્ચે યજમાન દેશ કરાર પર આ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.)

**16.** રાષ્ટ્રીય યુવા સંસદ મહોત્સવ (National Youth Parliment Festival-NYPF) 2022ની થીમ શું છે ? **– Be the voice of New india and find solutions and contribute to policy**

**17.** તાજેતરમાં બહાર પાડવામાં આવેલ 'UDISE + રિપોર્ટ' કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ? **– શિક્ષણ**

(યુનિફાઈડ ડિસ્ટ્રિક ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન પ્લસ (UDISE+) રિપોર્ટ 2020-21 તાજેતરમાં સ્કૂલ એજ્યુકેશન ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવ્યો છે. આ રિપોર્ટ મુજબ 2020-21 સત્રમાં પ્રાથમિકથી ઉચ્ચ માધ્યમિક સુધીના શાળા શિક્ષણમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા વધીને 25.39 કરોડ થઈ ગઈ છે. 2020-21માં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GE) તમામ સ્તરે સુધર્યો છે.)

**18.** ............યોજના હેઠળ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે 'ડોનેટ એ પેન્શન' પહેલ શરૂ કરી છે. **– પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજના (PM-SYM)**

**19.** કઈ સંસ્થાએ 'Role of Labour in India's Development' નામનું પુસ્તક બહાર પાડયું છે ? **– શ્રમ અને રોજગાર મંત્રાલય**

**20.** MSME ઈન્ક્યુબેશન, ડિઝાઈન અને IPR યોજનાના એકીકરણ તરીકે શરૂ કરવામાં આવેલી નવી યોજનાનું નામ શું છે ? **– MSME નવીન યોજના (MSME Innovative Scheme)**

**21.** તાજેતરમાં ભારતીય રેલવેના...............કાર્ગો ટર્મિનલનું ઈસ્ટર્ન રેલવેના આસનસોલ ડિવિઝનમાં ઉદઘાટન કરવામાં આવ્યું હતું. **– ગતિશક્તિ**

**22.** પુસા કૃષિ વિજ્ઞાન મેળાનું આયોજન 9 થી 11 માર્ચ દરમિયાન...............માં સ્થિત પુસા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના પરિસરમાં કરવામાં આવ્યું હતું. **– દિલ્હી**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT